।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૮૯, ઓક્ટોબર–૨૦૨૬, રૂા. ૫.૦૦/–







ભુજ મંદિર દ્વારા શ્રી નરનારાયણદેવ વિશ્રાંતિ ભુવન - દેવભૂમિ હરિદ્વાર અને
શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન - દિલ્હીમાં ભવ્ય શિલાન્યાસ સમારોહ સંપન્ન થયો.












**ભુજ મંદિર દ્વારા શ્રી નરનારાયણદેવ વિશ્રાંતિ ભુવન - દેવભૂમિ હરિદ્વાર અને શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન - દિલ્હીમાં ભવ્ય શિલાન્યાસ સમારોહ સંપન્ન થયો.**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૬ અંક-૮ ઓક્ટોબર-૨૦૨૬
વર્ષ : ૪૧ સળંગ અંક-૪૮૯

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| લેખ | ૫ |
| સત્સંગ સમાચાર-દેશ | ૬ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૨ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

સંસાર એક કૂવો છે. તે ડૂબી મરવા માટે ભગવાને બનાવ્યો નથી, તેનો લાભ લઈ સુખી થવા માટે ભગવાને બનાવ્યો છે. પ્રભુ કહે છે કે, આ સંસારના વિષયોમાં મન ફસાય નહિ, માટે પ્રભુએ બે અમૃત બનાવ્યા છે. તેનું જો આપણે પાન કરશું તો સુખી થાશું, પછી સંસાર આપણને પજવશે નહિં. અને વિષયોમાં આપણું મન પણ નહિં ખેંચાય. આ બંને અમૃત જરા પણ દુર્લભ નથી. અને તે મેળવવા આપણને સમુદ્રમંથન કરવાની પણ જરૂર નથી. આ બે અમૃતના નામો છે, ''નામામૃત'' અને ''કથામૃત''

**''સ્વર્ગામૃત પીવાથી સુખ મળે, માનવે કરેલાં પુણ્ય બળે,**
**કૃષ્ણ કથામૃત પાપ ક્ષય કરે, નામામૃત પ્રભુ દર્શન કરાવે.''**

કથામાં નામ બ્રહ્મ છે. કીર્તનમાં નાદ બ્રહ્મ છે. નામબ્રહ્મ અને નાદબ્રહ્મ એક થાય એટલે પરબ્રહ્મ પ્રગટ થાય. નામામૃતથી કશું જ અશક્ય નથી. નામામૃતથી સર્વ કાંઈ સિદ્ધિ છે. નામામૃતથી કષ્ટ કપાય છે. અને સુખ સ્થાપાય છે. નામામૃતથી વિશ્વના કણકણમાં પ્રભુના દર્શન થાય છે. મીરાંબાઈ, નરસિંહ મહેતા, તુકારામ, એકનાથ આના સાક્ષી છે. નામનું અમૃત પી અમર બનેલા એ સંતો છે.

નામ સ્તવનમાં કોઈ સાધનની જરૂર નથી, નામસ્મરણ-નામસ્તવન, નામજપ એ પોતે જ સાધન છે. ને પોતે જ સાધ્ય છે. કારણ કે નામ એ જ પરમાત્મા છે. પરમાત્મા પોતે પોતના નામમાં રહ્યા છે. ને આપણને બોલાવે છે કે, હું તારા માટે અમૃત લાવ્યો છું, તું એ પી અને કૃતાર્થ થા, સુખી થા, પ્રભુના નામનો અમૃત કટોરો આપણે સ્વીકારવાનો છે.

આ બે અમૃત એટલે કૃષ્ણનું નામ અને કથા. નામામૃત અને કથામૃતનું પાન વગર પૈસે મફતમાં જ મળે છે.

**''શ્રીકૃષ્ણના અવતારી શ્રીહરિના મૂર્તિના દિવ્ય દર્શન મંદિરમાં,**
**નામામૃત, કથામૃત ગાજે રોજિંદા સત્સંગી સુખ પામે મોજિંદા.''**



સશ્રીકૃષ્ણઃ પરંબ્રહ્મ ભગવાન પુરુષોત્તમઃ ।
ઉપાસ્ય ઈષ્ટદેવો નઃ સર્વાવિર્ભાવકારણમ્ ॥

અને તે ઈશ્વર કોણ ? તો પરંબ્રહ્મ ભગવાન પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ તે ઈશ્વર છે. અને તે શ્રીકૃષ્ણ આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ છે અને સર્વે અવતારોના કારણ છે.

સનાતન ધર્મ પર જગતભરમાંથી પ્રશ્નોનાં વાવાઝોડાં વાઈ રહ્યા છે, તેથી શ્રીજી મહારાજે શિક્ષાપત્રી, વચનામૃત, પ્રવચનો, તેમના પરિભ્રમણો, ભજનો અને કીર્તનો દ્વારા ઉત્તરોની અમીવર્ષા કરી ગયા છે.

★ ઈશ્વર, ભગવાન ને અવતારો કેટલા ?
★ માયા, બ્રહ્મ ને પરંબ્રહ્મ કેટલા ?
★ વૈરાજ્યપુરુષ કોણ છે, અને ક્યાં બિરાજમાન હોય છે ?
★ ઈશ્વરોની કોઈ કક્ષાઓ હોય છે ?
★ આ બધામાં બદ્ધ અને મુક્ત કોણ છે ?
★ પદવીઓ કેટલી છે ?
★ પુરુષોત્તમ કોણ છે ?
★ ભગવાનના ગુણો કેટલા છે ?

"પ્રશ્નોત્તરની અટપટી જગાવે આવરણ, ને
ભક્તિ ભૂલભૂલામણીમાં જઈ પડે .!
માયા મનફાવે તાતાથૈયાં કર્યા કરે, રામ, કૃષ્ણ,
ગોડ, રહીમને વિખુટા કરે.!"

ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામીએ આ શ્લોકનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે, શ્રીજીમહારાજે પૂર્વેના એક સો પાંચ થી એક સો સાત સુધીના, આ ત્રણ શ્લોકમાં જીવ, માયા અને ઈશ્વર આ ત્રણ તત્ત્વનો ઉલ્લેખ કર્યો છે. અને વચનામૃતની અંદર શ્રીજીમહારાજે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરંબ્રહ્મ આ પાંચ ભેદોનો ઉલ્લેખ કરેલો છે.

તેમાં શિક્ષાપત્રીની અંદર જે 'ઈશ્વર' શબ્દનો ઉલ્લેખ છે, અને વચનામૃતમાં કહેલા જે પાંચ ભેદોની અંદર જે 'ઈશ્વર' શબ્દનો ઉલ્લેખ છે, એ બંનેમાં ભેદ છે. જેમ કે, જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરંબ્રહ્મ આ પાંચ ભેદોમાં જે ઈશ્વર શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એ ઈશ્વર શબ્દ તો આ એક બ્રહ્માંડના અધિપતિ વૈરાજ્યપુરુષરૂપ ઈશ્વરને માટે ઉલ્લેખાયો છે. અને એ વૈરાજ્યપુરુષનો જીવકોટીની અંદર અંતરભાવ થાય છે. જેમ આપણે આ જીવ એક શરીરનું સંચાલન કરે છે. તેમ વૈરાજ્યપુરુષ આ એક બ્રહ્માંડનું સંચાલન કરે છે. આવાં બ્રહ્માંડો અનેક છે, તેથી ઈશ્વરો પણ અનેક છે. જીવ તપાદિકે કરીને ઈશ્વર કોટીને પામી શકે છે. આ આપણાં શરીરનું સંચાલન કરનારો જીવ જેમ બદ્ધ છે. તેમ આ બ્રહ્માંડનું સંચાલન કરનાર ઈશ્વર પણ બદ્ધ છે. છતાં પરમાત્માએ તેને બ્રહ્માંડનું સંચાલન કરવારૂપ ઉંચો અધિકાર સોંપ્યો છે. તેથી તે ઉચ્ચકક્ષાના અધિકારિક જીવો કહેવાય છે, પણ છે તો જીવ જ.

"બોલો કઈ યુનિવર્સીટીમાં વિદ્યાર્થીને, આવું સનાતની જ્ઞાન ભણવા મળે..!
જે મંદિર આવે, એકાંતિક ભક્તિ કરે, શ્રીહરિ યુનિવર્સીટીની પદવી પામે..!"

શ્રીકૃષ્ણ છે એ પરંબ્રહ્મ છે. પરમ્ એટલે સર્વોત્કૃષ્ટ, અને બ્રહ્મ એટલે મોટા, સર્વત્ર વ્યાપક. શ્રીકૃષ્ણ પોતાની અંતર્યામી શક્તિથી અનંતકોટી બ્રહ્માંડમાં વ્યાપીને રહેલા છે, માટે પરમાત્મા શ્રીકૃષ્ણને બ્રહ્મ શબ્દથી કહેવામાં આવે છે. હવે પરંબ્રહ્મ અહીં પરમ આવું વિશેષણ શા માટે છે ? તેના પ્રત્યુત્તરમાં કહે છે કે, શાસ્ત્રોમાં પ્રકૃતિને પણ બ્રહ્મ શબ્દથીકહેલી છે. અને પરમાત્મા શ્રીકૃષ્ણ તો પ્રકૃતિ થકી શ્રેષ્ઠ અને વિલક્ષણ છે, માટે પરંબ્રહ્મ કહેવાય છે.

સત્સંગીઓ માટે આ ૧૦૮ મો શ્લોક અતિ વિશાળ, વિરાટ અને અનંત બ્રહ્માંડમાં વ્યાપક વિવેચનથી ભર્યો ભર્યો છે. જે ભક્ત સત્સંગીને જ્ઞાનની ભૂખ હોય ને સહજાનંદ સ્વામી મહારાજ પર પૂર્ણ વિશ્વાસ હોય તેમણે સ્વયં ઊંડા ઉતરી મંથન કરવા જેવું છે.........બાકી તો ગીતા, ભાગવત, રામાયણ સમજાવનારા અહં જ્ઞાનીની બડાઈ ન મારે; ને શાસ્ત્રીય જ્ઞાન તો માર્યાફાર્યા ન કરે, તો જીવો શ્રીહરિ અનંતાનંત જ્ઞાન અર્પણ કરે.

# સત્સંગ સમાચાર દેશ

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા તુલસીરોપાનું વિતરણ

શાસ્ત્રોમાં જેને 'મા' એટલે કે તુલસીમાતા કહેવામાં આવેલ છે. અને દર કાર્તિક સુદ એકાદશીથી પૂર્ણિમા સુધી સનાતન વૈષ્ણવ સંપ્રદાયમાં'તુલસીવિવાહ' ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આધુનિક વિજ્ઞાન જેને આરોગ્યવર્ધક અને આયુર્વેદમાં સર્વરોગ ઔષધ એવા તુલસીજીને માનવામાં આવે . અને પૂજ્ય મહંત સ્વામી આદિ વડીલ સંતોની આજ્ઞા સહ આશીર્વાદથી ભુજ મંદિરના ફૂલની સેવા સંભાળતા સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજીએ જાતે તુલસીના ૧૫૦૦૦ રોપા તૈયાર કરાવીને દર એકાદશીએ મંદિરે આવતા દર્શનાર્થી ભક્તજનોને વિતરણ કરવામાં આવ્યા હતા.

અ - કોઠારી સ્વામી દેવવિહારીદાસજી



# ભુજ મંદિરે ચાતુર્માસ પારાયણ પૂર્ણાહુતિ તથા શ્રીકૃષ્ણજન્માષ્ટમી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો



શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ભુજ દર વર્ષની જેમ આ વર્ષે પણ ચાતુર્માસ અંતર્ગત અષાઢ સુદ એકાદશી થી શ્રાવણ વદ આઠમ (શ્રીકૃષ્ણ જન્માષ્ટમી) સુધી સવારે શિક્ષાપત્રી ભાષ્ય અને સાંજે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન દોઢ મહિના સુધી રહ્યું હતું. જેમા સવારે શ્રીશિક્ષાપત્રી ભાષ્ય શા.સ્વામી વ્યાપકેશમુનિદાસજી અને સાંજે શ્રીમદ્‌ભાગવત પુરાણ શા. સ્વામી બાલસ્વરૂપદાસજી પોતાની સુમધુર શૈલીમાં કથામૃતનું પાન કરાવ્યું હતું. બહોળી સંખ્યામાં ભક્તજનો કથા શ્રવણનો લાભ લીધો હતો.



કથા સમાપ્તિના દિવસે પૂજ્ય મહંત સ્વામીએ બંને વક્તાશ્રીઓનું પૂજન કરી, પુષ્પમાળા પહેરાવી વ્યાસપીઠની આરતી કરી પછી સભામાં પધારેલા સર્વે ભક્તજનોને સ્વહસ્તે પતાસાનો પ્રસાદ આપી કથાની પૂર્ણાહુતિ કરી હતી.





શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના રાત્રે ૯ થી ૧૨ વાગ્યા સુધી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ સંચાલક સંત સમિતિના સંતો અને યુવાનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં કીર્તન, ધૂન, શ્રીકૃષ્ણાખ્યાન, મટકી ફોડ, રાસોત્સવ જેવા વિવિધ સુંદર આયોજનો કરવામાં આવ્યાં હતાં.

મધ્યરાત્રિ ૧૨ વાગ્યે સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ જન્મોત્સવની આરતી કરી, શ્રીઠાકોરજીને પારણામાં ઝુલાવ્યા હતા. ત્યારબાદ પધારેલ સર્વે ભકતજનોને પંચાજીરી અને પંચામૃતનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

અ - કોઠારી સ્વામી દેવવિહારીદાસજી

## ભુજ મંદિરે ગણેશ ચતુર્થીના દિવસે શ્રીગણેશજીનું વિશેષ પૂજન-આરતી

ભાદરવા સુદ ચતુર્થીના દિવસે ગણેશજીનું વિશેષ પૂજન કરવું, આમ શ્રીજીમહારાજની શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ ભુજ મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી અને યજમાન પરિવાર દ્વારા તા.૧૯/૯/૨૦૨૬ ના રોજ સંધ્યાકાળે શ્રીગણેશજીનું વિશેષ પૂજન અને આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ સૌ ભક્તજનોને પ્રસાદ આપવામાં આવ્યો હતો. શ્રીગણેશજીના વિશેષ પૂજનના યજમાનપદે ભુજના ખુશી પિંડોરીયા. દેવહુતિ તથા હેલી પિંડોરીયા, હસ્તે પુનિત નારાણ પિંડોરીયા રહ્યા હતા.

અ - કોઠારી સ્વામી દેવવિહારીદાસજી

## ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર દ્વારા હરિદ્વાર-દિલ્હીમાં વિશ્રાંતિ ભુવન ભુજધામનું ખાતમુર્હૂત દિલ્હીમાં ૫૦ રૂમ, હરિદ્વારમાં ૧૫૦ રૂમોનું નિર્માણ કરવામાં આવશે

મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના હસ્તે પ્રથમ શિલાન્યાસ અને સુવર્ણ ઈંટ મૂકવામાં આવી.

કપરાકાળમાં ભુજ મંદિરના તત્કાલિન મહંત સદ્ગુરુ શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીએ ૪૦ ના દાયકામાં મુંબઈ ગામદેવીમાં વિશ્રાંતિ ભુવનનું નિર્માણ કરાવી ભક્તોના ધર્મ-નિયમ સાથે સગવડ કરાવી આપેલ. તેમજ તેમના શિષ્ય વર્તમાન મહંત સ્વામીએ કાર્યોની જ્યોત વધુ પ્રજવલ્લિત કરતાં હરિદ્વારમાં ૧૫૦ રૂમો અને દિલ્હીમાં ૫૦ રૂમોનું વિશાળ વિશ્રાંતિ ભુવનના નિર્માણ સાથેના પ્રથમ ઈંટ મૂકીને ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરે સમાજસેવાની મશાલ દેદિપ્યમાન કરી દીધી છે. હરિદ્વાર અને દિલ્હી એમ બંને ભુવનનું ખાતમુર્હૂત સાથે કરવામાં આવ્યું છે.

દિલ્હી સોહાના ગુડગાવ જ્યારે હરિદ્વારમાં કનખલ શનિદેવ ચોક ખાતે ભૂમિ ખરીદી નિર્માણનું મંગલાચરણ કરાયું છે. તે સાથે મંદિર સમાજસેવાનો નૂતન ઈતિહાસ આલેખાયો હતો. એક બાજુ અમેરિકા અને કેનેડામાં મંદિરોનું નિર્માણ થઈ રહ્યું છે. તો બીજી બાજું ભારતમાં મોટાં કાર્યોના માણેક સ્થંભ રોપાઈ રહ્યા છે. દેશ-વિદેશથી ચારધામ સહિત ઉત્તર ભારતની યાત્રાએ આવ-જા કરતાં ભક્તો માટે સુવિધાની લાગણી સંતો સમક્ષ વ્યક્ત થતી હતી. તેને પરિપૂર્ણ કરવા ભુજ મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોએ કમર કસી છે. સાથે ભુજ મંદિરના મંડળધારી સંતોનો સંપૂર્ણ સહયોગ રહ્યો છે. સદ્ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્ગુરુ પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સદ્ગુરુ પુરાણી સ્વામી



## ભુજ મંદિર દ્વારા શ્રી નરનારાયણદેવ વિશ્રાંતિ ભુવન - દેવભૂમિ હરિદ્વાર અને શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન - દિલ્હીમાં ભવ્ય શિલાન્યાસ સમારોહ સંપન્ન થયો.

















બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, શાસ્ત્રી કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગત, શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી, સ્વામી કપિલજીવનદાસજી, શાસ્ત્રી સ્વામી કૃષ્ણવિહારીદાસજી, શાસ્ત્રી સ્વામી ઘનશ્યામનંદનદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી,

સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી, સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી ભક્તિવેદાંતદાસજી, ડો.સ્વામી સત્યપ્રસાદદાસજી આદિ સંતો, તેમજ સમગ્ર કચ્છની ચોવિસી, અબડાસા, વાગડ પ્રદેશના સમગ્ર મંદિરના સાં.યો.બહેનો સહિત ભુજ મહિલા મંદિરના મહંત સાં.યો.સામબાઈફઈ સાથે ૧૫૦ થી વધુ સાં.યો.બહેનો પધાર્યા હતા.

દિલ્હી ખાતે કચ્છના લોકપ્રિય સંસદસભ્ય વિનોદભાઈ ચાવડા, હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ડી.એન.પટેલ, સોહાના તાલુકાના ધારાસભ્ય તેજપાલ તંવરજીની ખાસ ઉપસ્થિતિ રહી હતી.

ભુજ કે ગુજરાતના ગામડાંમાં આવડા મોટા સમૈયાની વ્યવસ્થા કરવી સરળ હોઈ શકે પણ દિલ્હી-હરિદ્વારમાં વિશાળ પંડાલ, સોફા, શણગાર, પ્રસાદ, આવાસની ઉત્તમ સુવિધાઓ માટે કોઠારી સંતોની સાથે બાંધકામ સમિતિના યુવાન સંતોએ સહયોગ આપ્યો હતો.

આ પ્રસંગે આશીર્વાદ આપતાં મહંત સ્વામીએ કહ્યું જે મહાન કાર્ય થઈ રહ્યું છે તે બધું શ્રીનરનારાયણદેવની કૃપાથી થઈ રહ્યું છે, એમ સમજજો. આ કાર્યના નિર્માતા દેવ સ્વયં છે. ઉપમહંત સ્વામી ભગવદ્જીવનદાસજીએ સત્સંગી ભક્તો ઉપર શ્રીજીમહારાજની કૃપા રહી છે. સદ્ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતે કહ્યું હતું કે, ન માત્ર કચ્છ પરંતુ આફ્રિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, અખાતી દેશોમાં બહોળી સંખ્યામાં હરિભક્તોએ આ ઐતિહાસિક કાર્યોની ઈંટ સ્વહસ્તે સ્થાપી હતી. યજમાનોને ગુલાબી પાઘ, છાતી પર વિશેષ બિલ્લો અને ખેંસથી સન્માનિત કરાયા હતા. મહંત સ્વામીની પ્રેરણાથી હરિદ્વારે દાનનો પ્રવાહ અખંડ ગંગાની જેમ પ્રવાહિત થયો હતો.

કાર્યક્રમના બીજા દિવસે હરિદ્વારા ઋષિકેશથી અનેક અખાડા પરિષદના અધ્યક્ષ મહામંડલેશ્વર સંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અખાડા પરિષદના મહામંડલેશ્વર ડો.રવિન્દ્રપુરીજી મહારાજ આશીર્વચનમાં જણાવ્યું હતું કે, ભગવાન શ્રીસ્વામિનારાયણ સ્વયં ભગવાન શ્રીકૃષ્ણના અવતાર છે અને સનાતન હિન્દુ ધર્મને પ્રોત્સાહન આપી ગુજરાત તેમજ ઉત્તર ભારતમાં ધર્મનો પ્રવાહ વહેતો મૂક્યો છે. જે આજે દુનિયાભરના દેશોમાં સ્વામિનારાયણ સંપ્રદાય સનાતન ધર્મનો ડંકો વગાડી રહ્યો છે. મહામંડલેશ્વર હરિચેતનાનંદગીરી મહારાજે પણ ભગવાન શ્રીસ્વામિનારાયણ અને એમણે પ્રવર્તાવેલ સંપ્રદાયના સંતો સનાતન ધર્મનું બહુ મોટું કામ કરી રહ્યા છે.

આ પ્રસંગે હરિદ્વારના વિદ્વાન અરુણગીરીજી મહારાજ, રવિદેવ શાસ્ત્રી, સત્યશ્રેયાનંદગીરી, શિવાનંદ સરસ્વતી, રામેશ્વરાનંદજી મહારાજ, લલિતાનંદગીરીજી મહારાજ સહિતના અનેક સંતો ખાતમુર્હૂતના કાર્યક્રમમાં જોડાયા હતા.

સંતોના આશીર્વચન બાદ વૈદિક પરંપરાના મંત્રોચ્ચાર-વિધિવિધાન સાથે કરાયેલા ખાતમુર્હૂતમાં મંદિરના મુખ્ય કોઠારી અને વરષ્ઠ દાતા રામજીભાઈ દેવજી વેકરીયા, ઉપકોઠારી જાદવજીભાઈ ગોરસીયા તથા બાંધકામ કમિટીના સભ્ય મનસુખભાઈ દબાસિયા, કાનજીભાઈ દેવજી મેપાણી, કરસન કાનજી રાઘવાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કચ્છમાંથી પધારેલ આ હરિભક્તો સાથે સંતો પૂજનમાં જોડાયા હતા.

**તા. ક. કોઇ પ્રવાસી કે તીર્થ યાત્રી ને દિલ્હી જવાનું થાય તો આપણા વિશ્રાન્તિ ભુવનમાં રહેવાની અને જમવાની વ્યવસ્થા થઇ શકશે. સંપર્ક- ૯૮૨૫૩ ૪૧૦૪૧**



## ભુજ મંદિર દ્વારા શ્રી નરનારાયણદેવ વિશ્રાંતિ ભુવન - દેવભૂમિ હરિદ્વાર અને શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન - દિલ્હીમાં ભવ્ય શિલાન્યાસ સમારોહ સંપન્ન થયો.











**દિલ્હી વિશ્રાંતિ ભુવનમાં ૧૫ લાખથી વધુ દાન આપનાર દાતાશ્રીઓ :-** ૧-નાનદાસભાઈ સામજી વરસાણી-માધાપર, ૨-દેવશીભાઈ વેલજીભાઈ હાલાઈ તથા પ્રફુલભાઈ વેલજીભાઈ હાલાઈ-સુરજપર, ૩-વિશ્રામભાઈ લાલજી પિંડોરીયા-માધાપર, ૪-ગોપાલભાઈ લાલજી વેકરીયા-રામપર, ૫-ગોવિંદભાઈ ધનજી રાબડીયા(કિંગ્સ કિચન)-ભુજ, ૬-વાલજીભાઈ કરસન હિરાણી-બળદિયા, ૭-કાનજીભાઈ ખીમજી જેશાણી(કે.કે.જેશાણી)-બળદિયા, ૮-પ્રેમજીભાઈ હિરજી હાલાઈ-સુરજપર, ૯-રવજીભાઈ ગોવિંદભાઈ વરસાણી(મોસી વારા)-કેરા, ૧૦-મનજીભાઈ શીવજી ભંડેરી-વેકરા, ૧૧-નારાણભાઈ રામજી હાલાઈ-સુરજપર, ૧૨-ગોપાલભાઈ પરબત હાલાઈ-ગોડપર રહ્યા હતા.

**હરિદ્વાર વિશ્રાંતિ ભુવનમાં ૧૫ લાખથી વધુ દાન આપનાર દાતાશ્રીઓ :-** ૧-રવજીભાઈ જાદવા ખીમાણી-દહીંસરા, ૨-રવજીભાઈ(રવિ) પ્રેમજીભાઈ રાઘવાણી-બળદિયા, ૩-વિશ્રામભાઈ લાલજી પિંડોરીયા-માધાપર, ૪-નાનજીભાઈ પ્રેમજી જેસાણી-બળદિયા, ૫-માવજીભાઈ કરસન રાજાણી એન્ડ શિવજીભાઈ વિરજી કેરાઈ(હાઈ સ્વીચ કું)-રામપર, ૬-રામજીભાઈ દેવજી વેકરીયા-નારાણપર પસાયતી,

૭-નારાણભાઈ મનજી કેરાઈ એન્ડ કાન્તીભાઈ નારાણ કેરાઈ-બળદિયા, ૮-સુરેશભાઈ શીવજી રાબડીયા-માંડવી, ૯-કુરજીભાઈ દેવરાજ વેકરીયા-નારાણપર પસાયતી, ૧૦-અ.નિ.હસમુખભાઈ કાનજી ભુડિયા, ધ.પ.ગંસ્વ પુષ્પાબેન-ફોટડી, ૧૧-પરબતભાઈ ભીમજી શીયાણી એન્ડ મનિષભાઈ પરબત શીયાણી-મિરજાપર, ૧૨-દિનેશભાઈ વિશ્રામભાઈ વેકરીયા-વેકરા, ૧૩-નારાણભાઈ પ્રેમજી વેકરીયા(પાંડુ)-નારાણપર, ૧૪-અ.નિ.કાનજીભાઈ ભીમજી રાઘવાણી-બળદિયા, ૧૫-રમેશભાઈ મુરજી હિરાણી-કોડકી, ૧૬-કાન્તીભાઈ મુરજી મેપાણી-મદનપુર, ૧૭-મનજીભાઈ શીવજી ભંડેરી-વેકરા, ૧૮-લાલજીભાઈ માવજી પિંડોરીયા-માંડવી, ૧૯-સોનીબેન હંસરાજ ખુથીયા-નવી મુંબઈ, ૨૦-વિશ્રામભાઈ શીવજી પિંડોરીયા-નારાણપર, ૨૧-દેવેન્દ્રભાઈ કુંવરજી ગોરસીયા-દહીંસરા, ૨૨-રામજીભાઈ ગોપાલ દબાસીયા, લાલજીભાઈ ગોપાલ દબાસીયા, શાંતિલાલ ગોપાલ દબાસીયા-માનકુવા, ૨૩-અ.નિ.નાથજીભાઈ ઈચ્છારામ શુક્લ મંડળ-શિષ્ય મંડળ તરફથી)-અમદાવાદ, ૨૪-વિશાલભાઈ નારાણ પિંડોરીયા-સુખપર-રોહા, ૨૫-દેવજીભાઈ કાનજી કેરાઈ એન્ડ સંજયભાઈ દેવજી કેરાઈ-બળદિયા, ૨૬-શ્રીસહજાનંદ કન્ટ્રકશન હસ્તે માવજીભાઈ લાલજી વેકરીયા-માંડવી(પિયાવા), ૨૭-સાં.યો.મહંત સામબાઈ અરજણ હિરાણી-સમસ્ત શિષ્ય મંડળ-ભુજ, ૨૮-પ્રેમજીભાઈ દેવજી વેકરીયા-નારાણપર, ૨૯-ગોવિંદભાઈ ધનજી રાબડીયા(કિંગ્સ કિચન)-ભુજ, ૩૦-ખીમજીભાઈ વાલજી કેરાઈ-કોડકી, ૩૧-દેવશીભાઈ વેલજીભાઈ હાલાઈ તથા પ્રફુલભાઈ વેલજીભાઈ હાલાઈ-સુરજપર, ૩૨-૯-રવજીભાઈ ગોવિંદભાઈ વરસાણી(મોસી વારા)-કેરા, ૩૩-રૂડાભાઈ પ્રેમજી રાજાણી-રામપર, ૩૪-ઘનષ્યામભાઈ પુંજા નિસર-મુંબઈ, ૩૫-ગોપાલભાઈ લાલજી વેકરીયા-રામપર, ૩૬-પ્રકાશભાઈ શીવજી હાલાઈ-દહીંસરા, ૩૭-હરેનભાઈ ભીમજી માયાણી-દહીંસરા, ૩૮-વાલજીભાઈ મનજી ખેતાણી-કોડકી, ૩૯-નારાણભાઈ રામજીભાઈ ગોરસીયા-માનકુવા, ૪૦-ભીમજીભાઈ હરજી કાનજી ભુડિયા-ફોટડી, ૪૧-નારાણભાઈ પ્રેમજી વેકરીયા-બળદિયા, ૪૨-નારાણભાઈ વેલજી ભુડિયા-નારાણપર, ૪૩-મુરજીભાઈ વિશ્રામ હાલાઈ-ગોડપર, ૪૪-પ્રેમજીભાઈ કાનજી છભાડીયા-ભુજ, ૪૫-સ્વામિનારાયણ બિલ્ડર્સ હસ્તે માવજીભાઈ નારાણભાઈ ગોરસીયા-સુખપર, ૪૬- ભરતભાઈ રમેશ વરસાણી-દહીંસરા, ૪૭-ધીરજભાઈ ધનજી રાબડીયા-વાડાસર, ૪૮-ભીમજીભાઈ રામજી હિરાણી-બળદિયા, ૪૯-મનજીભાઈ વિશ્રામ વરસાણી-બળદિયા, ૫૦-ભરતભાઈ કલ્યાણ કરસન કેરાઈ-વેકરા, ૫૧-ખીમજીભાઈ શિવજી વિશ્રામ ભુડિયા-માંડવી, ૫૨-કાન્તીલાલ માવજી ખીમાણી-દહીંસરા, ૫૩-કુરજીભાઈ અરજણ કેરાઈ-નારાણપર, ૫૪-દિનેશભાઈ નારાણ રવજી વેલાણી-સુખપર, ૫૫-ગોપાલભાઈ પરબત હાલાઈ-ગોડપર, ૫૬-જમનાબેન અશોકભાઈ વેલજી બાંભણિયા (સોરઠીયા)-અંજાર, ૫૭-અરવિંદભાઈ વિશા વાવિયા-મુંબઈ, ૫૮-મુરજીભાઈ કરસન શીયાણી-વેકરા, ૫૯-ધનજીભાઈ વેલજી ભુડિયા-સુખપર, ૬૦-દિપકભાઈ કાનજી રાઘવાણી-બળદિયા, ૬૧-હિરજીભાઈ ખીમજી શીયાણી-મિરજાપર, ૬૨-કાનજીભાઈ લાલજી હિરાણી-મિરજાપર, ૬૩-અરવિંદભાઈ માવજી વેકરીયા-મિરજાપર, ૬૪-મનોજભાઈ કરસન આશાણી-વેકરા, ૬૫-હિરજીભાઈ વેલજી વાઘજીઆણી-નારાણપર, ૬૬-ધનજીભાઈ રામજી ભુડિયા-માનકુવા, ૬૭-કરસનભાઈ ઝીણા રતના જેશાણી-બળદિયા, ૬૮-નાનદાસભાઈ સામજી વરસાણી-માધાપર, ૬૯-હરીશભાઈ કરસન હિરાણી-કોડકી, ૭૦-ખીમજીભાઈ રામજી ભુડિયા-દહીંસરા, ૭૧-મનજીભાઈ નારાણ કારા-માંડવી-નાગલપર, ૭૨-શીવજીભાઈ સામજી વેકરીયા-માંડવી, ૭૩-મુલચંદભાઈ દેવજી પિંડોરીયા-માધાપર, ૭૪-હિતેશભાઈ પરબત ભુડિયા-કેરા, ૭૫-લાલજીભાઈ કલ્યાણ શીયાણી-માનકુવા, ૭૬-નિતેશભાઈ વિશ્રામ હિરાણી-માંડવી-નાગલપર, ૭૭-હિરજીભાઈ પ્રેમજી છભાડીયા-માંડવી, ૭૮-વાઘજીભાઈ લાલજી ભુડિયા-ફોટડી, ૭૯-મયુરભાઈ દેવજી વેકરીયા-બળદિયા, ૮૦-સાં.યો.રાધાબાઈ તથા સાં.યો.રતનબાઈ-બળદિયા, ૮૧-જયેશભાઈ નેણશી ખુથીયા-ભચાઉ-નવાગામ, ૮૨-અમરબાઈ કરસન હિરાણી-ગાંધીધામ, ૮૩-રવજીભાઈ લાલજી હિરાણી-બળદિયા, ૮૪-

ચમનલાલ ભારમલભાઇ ઠક્કર-ભચાઉ, ૮૫-શીવજીભાઇ રતના પાધરા-મદનાપુર, ૮૬-ભાવિકભાઇ વિનોદ હિરાણી-માંડવી, ૮૭-બિપિનભાઇ વિરજી ગામી-કેરા, ૮૮-વાલજીભાઇ કરસન હિરાણી-બળદિયા, ૮૯-કાનજીભાઇ ખીમજી જેશાણી(કે.કે.જેશાણી)-બળદિયા, ૯૦-પ્રેમજીભાઇ હિરજી હાલાઇ-સુરજપર, ૯૧-કાનજીભાઇ દેવજી મેપાણી-મદનપુર, ૯૨-સાં.યો.નાના મેગબાઇ, સાં.યો.રામબાઇ તથા સાં.યો.સરલાબાઇ-ભુજ, ૯૩-વિશ્રામભાઇ અરજણ ગાજપરીયા-નારાણપર, ૯૪-પરેશભાઇ પ્રેમજી નારાણ કારા-રામપર, ૯૫-રામજીભાઇ કેશરા વરસાણી-સામત્રા, ૯૬-વસંતભાઇ મનજી લીંબાણી- દહીંસરા, ૯૭-વાઘજીભાઇ કલ્યાણ કેરાઇ-રામપર, ૯૮-ખીમજીભાઇ જાદવા છભાડીયા-માંડવી-નાગલપર, ૯૯-સાં.યો.નાનબાઇ રામજી ભુડિયા શિષ્ય મંડળ-માનકુવા, ૧૦૦-ધનજીભાઇ જેરામ સુથાર-નારાણપર, ૧૦૧-કેશરાભાઇ કરસન વાલાણી-બળિદયા, ૧૦૨-ભીમજીભાઇ રામજી હાલાઇ-નારાણપર, ૧૦૩-વાલજીભાઇ વેલજી ગોરસીયા-મદનપુર, ૧૦૪-નારાણભાઇ રામજી હાલાઇ-સુરજપર, ૧૦૫-ગોપાલભાઇ પરબત ભુડિયા-ફોટડી, ૧૦૬-ધનજીભાઇ લાલજી રાબડીયા-કેરા, ૧૦૭-વિનોદભાઇ વાલજી વરસાણી-મિરજાપર, ૧૦૮-દિલીપભાઇ નારાણ સાંખલા-નડિયાદ, ૧૦૯-પ્રદ્યુમનભાઇ જાદવજી હાલાઇ-મેઘપર, ૧૧૦-નિલેશભાઇ ધીરજલાલ પટેલ-ભુજ, ૧૧૧-વિશ્રામભાઇ સામજી શીયાણી- માનકુવા, ૧૧૨-હિરજીભાઇ કુંવરજી રાબડીયા-સરલી, ૧૧૩-હરજીભાઇ મનજી આશાણી-માંડવી, ૧૧૪-ગણેશભાઇ જીવા ડાંગર-ધાણેટી, ૧૧૫-અરવિંદભાઇ લાલજી પિંડોરીયા-મિરજાપર, ૧૧૬-પરબતભાઇ કાનજી વરસાણી-ભુજ, ૧૧૭-જેન્તીભાઇ મનજી હાલાઇ-માંડવી, ૧૧૮-સામજીભાઇ ધનજી હિરાણી-અંજાર, ૧૧૯-માવજીભાઇ જાદવજી વેકરીયા-ભુજ, ૧૨૦-સંજયભાઇ શાંતિલાલ પારેખ(સોની)-અંજાર, ૧૨૧-વેલજીભાઇ લખમણ રાઘવાણી-બળદિયા, ૧૨૨-મહંત સાં.યો. વેલીબાઇ હરજી હિરાણી-સમસ્ત શિષ્ય મંડળ-સુખપર, ૧૨૩-મનિષભાઇ કાનજી હિરાણી-મેઘપર, ૧૨૪-અ.નિ.સદ્‌ગુરુ સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી-સમસ્ત શિષ્ય મંડળ-ભુજ, ૧૨૫-પ્રફુલભાઇ નાનજી માધાપરિયા-માધાપર. ૧૨૬-શ્રી સ્વામિનારાયણ મંદિર - માનુકુવા (જુનોવાસ) હસ્તે સમસ્ત સાંખ્યયોગી બાઈઓ, ૧૨૭-ભુજમંદિરની રાવલવાડીમાં બનતી નૂતન નંદીશાળાનું નિરીક્ષણ કરતા ઉપમહંત સ્વામી, જાદવજીભગત આદી સંતો.

ખાતમુર્હૂતના મુખ્ય યજમાનો સહિતના દાતાશ્રીઓ ખાતમુર્હૂત અને પાયાવિધિમાં ભાગ લીધો હતો.

દિલ્હીમાં રોકાણ શરૂ થયાની વિગતો અપાઇ હતી, જેની ચિઠ્ઠી ભુજ કોઠારમાંથી લઈને રોકાણ કરી શકાય છે.

સભા સંચાલન શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તેમજ શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું. હરિદ્વારમાં ખાતમુર્હૂત નિમિત્તે બે દિવસની સત્સંગ સભા રાખવામાં આવી હતી. દેશ-વિદેશમાં મોટી સંખ્યામાં હરિભક્તો પધાર્યા હતા. પ્રથમ દિવસે સમૂહ ગંગાસ્નાહ કર્યું હતું. અને ત્યારબાદ ગંગા નદીને કિનારેથી ઈંટોનું પૂજન કરી અને ઈંટો યજમાનશ્રીઓએ મસ્તક ઉપર ધારણ કરીને વિશ્રાંતિ ભુવન સુધી લઇ આવ્યા હતા. ત્યારબાદ આરતી-પૂજન કરી અને આવેલા તમામ ભક્તોને ભોજનપ્રસાદ આપવામાં આવ્યો હતો.

## અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં ઉજવાયેલા ઉત્સવો

આ વર્ષે ધામધૂમથી જન્માષ્ટમી મહોત્સવ તા. ૨૭-૦૮ ના રોજ યોજાયેલ. ચાતુર્માસ પ્રસંગે શ્રી શિક્ષાપત્રી ભાષ્ય એવમ શ્રીમદ્‌ભાગવત કથાની પૂર્ણાહુતિ પણ થતાં હરિભક્તો સાંજે ૮ વાગ્યાથી આવ્યા હતા અને ૧૨ ક્યારે વાગી ગયા તેની ખબર પણ ન પડી! કથા બાદ શ્રીકૃષ્ણજીની આરતી તથા પંજીરી આદિનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. સભાનું સંચાલન શા. સ્વામી હરિકૃષ્ણદાસજીએ કર્યું હતું અને તેઓએ સંતો, યજમાનો તથા હરિભક્તોની સેવાઓને મોમેન્ટો આપીને બિરદાવી હતી.










એ નોંધવું ઘટે કે ૪૨ દિવસ સુધી વક્તા સ્થાને રહીને સવારે શિક્ષાપત્રી ભાષ્ય કથાનું વાંચન શા. સ્વામી ઘનશ્યામદાસજીએ કર્યું હતું તથા રાત્રે શ્રીમદ્‌ભાગવત કથાનું વાંચન શા. સ્વામી હરિકૃષ્ણદાસજી તથા શાસ્ત્રી સ્વામી આનંદવલ્લભદાસજીએ સંગીતના સથવારે કરાવ્યું હતું. સંગીતની સેવા સ્વામીનીલકંઠમુનિદાસજીની ટીમે સંભાળી હતી.

મહા રાસોત્સવતા. ૬-૦૯ ના રોજ મંદિરના પટાંગણમાં ભવ્યાતિભવ્ય રાસોત્સવ ભક્તોના બંને વિભાગોમાં (ભાઈઓ અને બહેનો) યોજવામાં આવ્યો હતો, જેમાં સાંજે ૮ થી ૧૧ દરમ્યાન સર્વે હરિભક્તો જોડાયા હતા. નીસાદભાઈ સોની તથા તેમની ૨૫ જણાની ટીમ ખાસ આ પ્રસંગે છેક અમદાવાદથી આવી હતી. આ મહા રાસોત્સવ ચાતુર્માસ પ્રસંગે કથાનું જે મહા આયોજન થયું હતું તેના ઉદ્યાપન પ્રસંગે યોજાયો હતો.

વડીલ સ.ગુ.પુ. સ્વામી અક્ષરવલ્લભદાસજી, સ.ગુ.પુ. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, પાકશાળા સંભાળતા પુ. સ્વામી દેવજીવનદાસ, વાડી સંભાળતા સ્વામી પ્રભુસ્વરૂપદાસજી, સ્વામી હરિસેવકદાસ, પુ. સ્વામી નંદકિશોરદાસજી આદિ સંતો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સભા સંચાલન શા. સ્વામી હરિકૃષ્ણદાસજીએ કર્યું હતું.

આ પ્રસંગોમાં સહયોગી સંતોમાં પુરાણી સ્વામી હરિપ્રસાદદાસજીએ ઉત્સવની તથા સ્વામી નૌતમપ્રકાશદાસજીએ લાઈવ તથા મીડિયાની જવાબદારી સંભાળી હતી. અન્ય સંતો તથા અંજાર



મંદિરની કાર્યવાહક સમિતિ, અંજાર મંદિરના કોઠારી સામજીભાઈ ધનજીભાઈ હીરાણી આદિ સભ્યોનો સહયોગ રહ્યો હતો. આ ઉપરાંત સાંખ્યયોગી મહંત ત્રિવેણીબેન આદિ સર્વે સાંખ્યયોગી બહેનો તથા મહિલા મંડળ તથા કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળના યુવાનોએ ખૂબ સહયોગ આપીને આ પ્રસંગને ખૂબ સફળ બનાવવા જહમત ઉઠાવી હતી. રાસ બાદ સર્વે મહાપ્રસાદ લઈને છૂટા પડ્યા હતા. -મેહુલભાઈ ઠક્કર

## શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ - ચાંદરાણીમાં શ્રાવણ પૂર્ણિમાના દિવસે વિશ્વ સંસ્કૃત દિવસ ઉપક્રમે સંસ્કૃત સપ્તાહની ઉજવણી સંસ્કૃત સાથે કૌશલ્ય, સંસ્કાર અને ભારતીય સંસ્કૃતિના સંવર્ધનનો અનોખો પ્રયાસ

તા./૨૫ થી ૩૧ ઓગષ્ટ ૨૦૨૬ દરમિયાન શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ - ચાંદરાણી ખાતે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને 'વિશેષ કૌશલ્ય અને સંસ્કૃતિ સપ્તાહ' તરીકે આ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

સંસ્કૃત એ માત્ર એક ભાષા નથી પરંતુ ભારતની જ્ઞાન પરંપરા, વેદ-શાસ્ત્રો, ઉપનિષદો, કાવ્ય, દર્શન અને સંસ્કૃતિની મૂળભુત ભાષા છે. ગુરુકળના વિદ્યાર્થીઓમાં સંસ્કૃત પ્રત્યે પ્રેમ અને ગૌરવની ભાવના વધે, સંસ્કૃત ભાષાના વ્યવહારિક ઉપયોગ સાથે વિવિધ જીવનકૌશલ્યોનો વિકાસ થાય અને ભારતીય સંસ્કૃતિ સાથે તેમનું જોડાણ વધુ દૃઢ બને તે હેતુથી સપ્તાહ દરમિયાન વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્કૃત સપ્તાહની શરૂઆત તા.૨૫ ઓગષ્ટે 'સંગીત દિવસ'થી કરવામાં આવી હતી. આ દિવસે વિદ્યાર્થીઓને સંગીત શિક્ષણ, ભજન-કીર્તન તથા વૈદિક સ્વરાભ્યાસ કરાવવામાં આવ્યો હતો. સંગીત દ્વારા મનની એકાગ્રતા, ભાવસંવેદના અને આધ્યાત્મિક ચેતનાના વિકાસ સાથે ભારતીય સંગીત પરંપરાનો



પરિચય કરાવવામાં આવ્યો. આજના દિવસે ચાંદરાણી ગામની પ્રાથમિક શાળાના બાળકો શિક્ષક દિલીપભાઈ સાથે જોડાયા હતા.

તા.૨૬ ઓગષ્ટે 'પર્યાવરણ દિવસ'થી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ઔષધીય વનસ્પતિઓના તજજ્ઞ નિકુંજભાઈ દ્વારા પરિચય અને જીવનમાં ઔષધીય વનસ્પતિઓનો ઉપયોગ કેવી રીતે



કરવો વિગેરેનો પરિચય આપવામાં આવ્યો તથા વૃક્ષારોપણ કરવામાં આવ્યું. વૃક્ષોનું માનવજીવન અને ભારતીય સંસ્કૃતિમાં રહેલું મહત્ત્વ સમજાવી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો.

તા.૨૭ ઓગષ્ટે 'ચિત્રકલા દિવસ'થી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ચિત્રકલા અભ્યાસ સાથે પ્રકૃતિ તથા ભારતીય સંસ્કૃતિ આધારિત વિવિધ



ચિત્રો બનાવ્યાં. ચિત્રકલા દ્વારા સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ અને સૌંદર્યદષ્ટિના વિકાસનો પ્રયાસ કરવામાં આવ્યો. આજના દિવસે હિરાપર ગામની પ્રાથમિક શાળાના બાળકો શિક્ષક શૈલેશભાઈ સાથે સહભાગી થયા હતા.

વિશ્વ સંસ્કૃત દિવસની વિશેષ ઉજવણી :- તા.૨૮ ઓગષ્ટ-૨૦૨૬ના રોજ 'વિશ્વ સંસ્કૃત દિવસ'ની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. સંસ્કૃત સપ્તાહના મુખ્ય દિવસે વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃતમાં સંભાષણ, શ્લોક પઠન, સુભાષિતો કંઠસ્થ કરાવવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષા માત્ર પાઠ્યપુસ્તક પૂરતી મર્યાદિત ન રહે, પરંતુ દૈનિક જીવનમાં પણ તેનો ઉપયોગ કરી શકાય તે માટે સંસ્કૃત સંભાષણનો અભ્યાસ કરાવવામાં આવ્યો. શ્લોકો અને સુભાષિતો દ્વારા ભારતીય જીવન મૂલ્યો તથા સંસ્કારોને સરળતાથી સમજાવવામાં આવ્યા. આજના દિવસે રક્ષાબંધન પર્વ હોવાથી વૈદિકોને પૂજ્ય સંતોએ સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી દ્વારા હાથમાં રાખડી બાંધી રૂડા આશીર્વાદ આપ્યા હતા. અને કેટલા વૈદિકોને પોતાની બહેનો દ્વારા અથવા મોકલાવેલ રાખડી બાંધી આ પર્વ ઉજવવામાં આવ્યો હતો.



આ દિવસનું વિશેષ મહત્ત્વ એ હતું કે વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષાને જીવંત ભાષા તરીકે અનુભવવાનો અને તેનો વ્યવહારિક ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો.

તા.૨૯ ઓગષ્ટે 'ગૌ દિવસ'થી કરવામાં આવી હતી. ગુરુકુળની ભારતીય જીવન પદ્ધતિમાં ગાયનું સ્થાન, ગૌ-સેવા તથા ગૌ-મહિમા વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા. આજના દિવસે ગુરુકુલમ્‌ના સંતો, વૈદિકો તેમજ અન્ય ગૌ-ભક્તોએ વહેલી સવારે પંચગવ્ય ગોબર, ગૌમૂત્ર, ઘી, ગાયનું દૂધ અને દહીં સાથે ચંદન મિશ્રિત કરી સ્નાન કરાવવામાં આવ્યું હતું. મેઘજીભાઈ હિરાણી-નાગલપુર એ પંચગવ્યના સ્નાનના મહત્ત્વ સાથે ગાય ભારતીય સંસ્કૃતિ, કૃષિ અને પરંપરાગત જીવનમાં રહેલા મહત્ત્વને સમજાવ્યું હતું. આજના દિવસે ખોખરા-ચંદ્રનગરની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ શિક્ષક સુમનભાઈ સાથે સહભાગી થયા હતા. વિદ્યાર્થીઓ માટે આ દિવસે માત્ર માહિતી મેળવવાનો નહિં, પરંતુ ગૌ-સેવા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે સંવેદનશીલતા વિકસાવવાનો અવસર બન્યો. આજના દિવસે ગોબરમાંથી ધૂપબતી કેવી રીતે બનાવવી એમનું વૈદિકો પ્રશિક્ષણ લીધું હતું.

તા.૩૦ ઓગષ્ટે 'રમત દિવસ'થી કરવામાં આવી હતી. આ દિવસે દેશી રમતોનો ઉત્સવ યોજાયો, જેમાં વૈદિકો પરંપરાગત ભારતીય રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં લખોટી, ભમરડો, ગીલીડાંડો, કબડ્ડી જેવી વિવિધ શારીરિક સ્ફૂર્તિ સાથે ટીમભાવના, શિસ્ત, સહકાર અને નેતૃત્ત્વ જેવા ગુણોનો વિકાસ થાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સપ્તાહના અંતિમ દિવસે તા.૩૧ ઓગષ્ટે 'માટીકલા દિવસ'થી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓનો માટીમાંથી વિવિધ આકારો અને ઉપયોગી વસ્તુઓ બનાવવાનો પ્રત્યક્ષ અનુભવ કુંભાર દ્વારા ચાકડા ઉપર માટીના અલગ અલગ આકારો બનાવવામાં આવ્યા હતા. જેમાં માટીની થાળી, કળશ, ઘડો, દીવો, વિગેરે કરાવવામાં આવ્યો તથા માટીકલાનો પરિચય આપવામાં આવ્યો હતો. માટી સાથે કાર્ય કરવાથી વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, ધીરજ, કૌશલ્ય અને સ્વાવલંબનની ભાવના વિકસે છે. ભારતીય પરંપરાગત હસ્તકલા સાથે વિદ્યાર્થીઓનું જોડાણ થાય તે દિશામાં પણ પ્રવૃત્તિ ઉપયોગી બની હતી.

શિક્ષણ સાથે જીવન કૌશલ્ય અને સંસ્કૃતિનો સમન્વય :- સંસ્કૃત સપ્તાહ દરમિયાન યોજાયેલ વિવિધ પ્રવૃત્તિઓનો મુખ્ય હેતુ એ રહ્યો કે શિક્ષણ માત્ર પુસ્તકો સુધી મર્યાદિત ન રહે , પરંતુ જીવનના દરેક ક્ષેત્ર સાથે જોડાય. સંગીત, પર્યાવરણ, ચિત્રકલા, સંસ્કૃત

સંભાષણ, ગૌ-સેવા, દેશી રમતો અને માટીકલા જેવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ જીવન કૌશલ્યોનો પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત થયો.

ગુરુકુળની શિક્ષણ પદ્ધતિમાં 'શિક્ષા સંસ્કૃતેઃ, કૌશલ્યસ્ય ચ સમન્વયઃ'ના ભાવને સાકાર કરતાં વિદ્યાર્થીઓના બૌદ્ધિક, શારીરિક, કલાત્મક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિકાસને એકસાથે આગળ વધારવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર સપ્તાહ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંતો, શિક્ષકો-આચાર્યોના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ માટે આનંદદાયક હોવાની સાથે શિક્ષણપ્રદ અને સંસ્કારપ્રદ પણ બની રહી.

આમ શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ - ચાંદરાણી ખાતે ઉજવાયેલો સંસ્કૃત સપ્તાહ માત્ર એક સપ્તાહનો કાર્યક્રમ ન રહેતાં સંસ્કૃત ભાષા, ભારતીય સંસ્કૃતિ, પરંપરાગત જ્ઞાન અને જીવન કૌશલ્યોને વિદ્યાર્થીઓના જીવન સાથે જોડવાનો એક સુંદર અને પ્રેરણાદાયી પ્રયાસ બની રહ્યો હતો. સંચાલક શા.સ્વામી અક્ષરપ્રિયદાસજીના માર્ગદર્શન હેઠળ શા.સ્વામી ઈશ્વરપ્રિયદાસજીએ સેવા સંભાળી હતી. વ્યવસ્થામાં સ્વામી રામાનુજદાસજી અને સ્વામી રામપ્રિયદાસજી સહયોગી રહ્યા હતા. ભુજ મંદિરના ટ્રસ્ટી દેવજીભાઈ છાંગા તથા દેવજીભાઈ માતા તથા અન્ય સહયોગીઓ સહભાગી થયા હતા.

અ - દિપકભાઈ સોની

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓની સિદ્ધિઓ
## હેન્ડબોલ ચેમ્પિયન જિલ્લા કક્ષાએ તમામ વિભાગોમાં વિજેતા

રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ભુજ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન ભુજ ખાતે કરાયું હતું. જેમાં અંડર-૧૪ અને ૧૯ એમ બંને વિભાગમાં પ્રથમ નંબરે ગોલ્ડ મેડલ તથા અંડર-૧૭ વિભાગમાં દ્વિતીય નંબર સિલ્વર મેડલ પ્રાપ્ત કરી શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓ સમગ્ર જિલ્લામાં સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે. જે હવે રાજ્ય કક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.



## રગ્બીમાં જિલ્લા કક્ષાએ અંડર-૧૭ અને અંડર-૧૯ માં સુવર્ણ ચંદ્રક સાથે વિજેતા

રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ભુજ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની રગ્બી સ્પર્ધાનું આયોજન ભુજ ખાતે કરાયું હતું. જેમાં અંડર-૧૭ અને ૧૯ એમ બંને વિભાગમાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓ સમગ્ર જિલ્લામાં પ્રથમ નંબરે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે. જે હવે રાજ્ય કક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

# વુશુમાં જિલ્લા કક્ષાએ અંડર-૧૭ અને અંડર-૧૯ માં ૧૧-સુવર્ણ અને ૪-રજત ચંદ્રક સાથે ધમાકેદાર જીત

રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ભુજ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની વુશુ સ્પર્ધાનું આયોજન માધાપર ખાતે કરાયું હતું. જેમાં અંડર-૧૭ અને ૧૯ એમ બંને વિભાગમાં શ્રીસ્વામિનારાયણ કન્યા



વિદ્યામંદિરની દીકરીઓ સમગ્ર જિલ્લામાં ૧૧-પ્રથમ નંબરે ગોલ્ડ મેડલ તથા ૪-દ્વિતીય નંબરે રજત ચંદ્રક પ્રાપ્ત કરી સંસ્થાનું નામ ગૌરવવંતુ કરી જવલંત સફળતા પ્રાપ્ત કરેલ છે. જે હવે રાજ્ય કક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

ઉપરોક્ત કાર્યક્રમમાં દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો.બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થા પ્રમુખ કાનજીભાઈ મેપાણી, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, કોચ રશ્મિતાબેન સહ સ્ટાફ પરિવાર તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

# શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર વિવિધ ઉત્સવ-રમત દિવસની ઉજવણી સંસ્કૃત સપ્તાહની ઉજવણી

સંસ્કૃત સપ્તાહ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત સુભાષિત, સંસ્કૃત ગીત અને ગીતાના પંદર(૧૫)માં અધ્યાયનું પઠન કરવામાં આવેલ હતું. આચાર્યશ્રી પંકજ રાજગોર




દ્વારા સંસ્કૃત ભાષાના મહત્ત્વની વાત વિદ્યાર્થીઓને કરવામાં આવી હતી. સંસ્કૃત ગૌરવ પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપી શાળા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. વિશેષમાં શાળામાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંચાલિત સંસ્કૃત કક્ષની રચના કરવામાં આવી છે. જેનો વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષા માટે બહોળો ઉપયોગ કરે એવી ભલામણ સ્વામી ધર્મચરણદાસજી દ્વારા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં શાળા મંડળ વતી સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, સર્વે ટ્રસ્ટીગણ, શાળા આચાર્યશ્રી પંકજ રાજગોર, રિદ્ધિબેન રાવલ, સંચાલક રોનક રાવલ અને સંજય ટાંક અને સર્વે શિક્ષકો આ કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્કૃત શિક્ષકશ્રી ડિમ્પલબેન ગોર, અક્ષય ત્રિવેદી અને રાજેશ બોરિચાએ જહેમત ઉઠાવી હતી.

## જન્માષ્ટમીની હોંશભેર ઉજવણી કરવામાં આવી





શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં જન્માષ્ટમીની હોંશભેર ઉજવણી કરવામાં આવી. એ કાર્યક્રમની શરૂઆત કૃષ્ણ આરતી દ્વારા કરવામાં આવી હતી. શાળાના નાના ભુલકાઓ અને એમની માતાઓ દ્વારા વેશભૂષા ધારણ કરીને યશોદા-કૃષ્ણની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કૃષ્ણભક્તિ આધારિત નૃત્યની રજૂઆત કરવામાં આવી હતી. શાળાના બાળ ગોપાલ અને ગોવિંદા દ્વારા મટકીફોડ અને કૃષ્ણરાસના કાર્યક્રમે રંગત જમાવી હતી. જેમાં શાળાના બધા જ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પુ.સ્વામી ધર્મચરણદાસજી દ્વારા કૃષ્ણના જીવનમાંથી કેળવાતા મૂલ્ય વિદ્યાર્થી જીવનમાં ઉતારવાની વાત જણાવવામાં આવી હતી. શાળાના ટ્રસ્ટીશ્રી શિવજીભાઈ વેકરીયા દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## શિક્ષક દિવસની હોંશભેર ઉજવણી કરવામાં આવી



શિક્ષક દિવસના ઉપલક્ષ્યમાં શાળાના સૌ પ્રથમ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણને હારરોપણ કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શાળાના આચાર્યશ્રી દ્વારા શાળાના વિદ્યાર્થીઓને તે દિવસનું સમગ્ર સંચાલન સોંપવામાં આવ્યું જેમાં શાળાના ૫૦ વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો સાથે શિક્ષકની ભૂમિકા ભજવી હતી. અને શાળાના બધા જ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આચાર્યાશ્રી પંકજ રાજગોર દ્વારા જીવનમાં શિક્ષક એક આજીવન માર્ગદર્શક છે તે વિશેની વાત જણાવી હતી. શાળા દ્વારા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ઇકોફ્રેન્ડલી ગણેશની મૂર્તિ બનાવવાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં ગણેશ ચતુર્થીના ઉપલક્ષ્યમાં માટી માથી ગણેશજીના મૂર્તિ બનાવવાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજ આર્ટ મુદ્રા સંસ્થાના કલાના નિષ્ણાંત શ્રીપ્રકાશગીરી અને રોહિણીબેન દ્વારા વિદ્યાર્થીઓને માટીમાંથી વિવિધ ઉપયોગી વસ્તુઓ કેવી રીતે બનાવી શકાય તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ સાથે ગણેશ ઉત્સવ માટે માટીમાંથી ઈકોફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ બનાવી હતી. શાળા દ્વારા પ્રકાશગીરી અને રોહિણીબેનનું સન્માન કરવામાં આવ્યું





હતું. વર્કશોપ બદલ શાળા આચાર્યશ્રી રિદ્ધિબેન રાવલ દ્વારા મહેમાનોનું આભાર વ્યક્ત કરવામાં આવ્યું હતું. શાળા દ્વારા વિદ્યાર્થીઓની આ પ્રવૃત્તિનું મુલ્યાંકન કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં શાળા મંડળ વતી સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, શાળાના ટ્રસ્ટીશ્રીઓ, શાળાના આચાર્યાશ્રી પંકજ રાજગોર, રિદ્ધિબેન રાવલ, સંચાલક રોનક રાવલ, સંજય ટાંક અને સર્વે શિક્ષકો આ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા.

## હિન્દી સપ્તાહની ઉજવણી કરવામાં આવી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં ૭ થી ૧૪ સપ્ટેમ્બર સુધી હિન્દી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રભાષા હિન્દી મહત્ત્વ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા માટે શાળા દ્વારા વિશેષ અભિનય, કવિતાગાન, હિન્દી દોહા, કહાની વિશે વકતવ્ય, નિબંધ લેખન વિગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના હિન્દી શિક્ષિકા લીલાબેન હિરાણી, ફોરમ ભાટી, શાંતાબેન હાલાઈ, કૃપાલી રાસ્તે, શ્વેતાબેન દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. લીલાબેન દ્વારા હિન્દી ભાષાના મહત્ત્વ વિશે પ્રેરક વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

## ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી અને શ્રીઘનશ્યામ વિદ્યાલયમાં ગણેશ ઉત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા ગણેશ પંડાલમાં વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત ભગવાન ગણેશજીની આરાધના કરવામાં આવી. ગણેશ ઉત્સવ નિમિત્તે શાળાના નાના ભૂલકાઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના સર્વે વિદ્યાર્થીઓ અન શિક્ષકો દ્વારા ગણેશ મહાપૂજાનું



આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષિકાશ્રી હર્ષિતાબેન દ્વારા પ્રેરક વક્તવ્યની રજૂઆત કરવામાં આવી હતી.

## જિલ્લા કક્ષાએ રગ્બીમાં ચેમ્પિયન

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી અને શ્રીઘનશ્યામ વિદ્યાલય શાળાના વિદ્યાર્તીઓએ જક્ષકે રમતોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષાની રગ્બી સ્પર્ધામાં ચેમ્પિયન બન્યા હતા. શાળાના વિદ્યાર્થીઓ હવે રાજ્યકક્ષાએ ભાગ લેશે. શાળા કોચ રજનીશ હિરાણી, અર્જુનસિંઘ દ્વારા વિદ્યાર્થીઓની આ રમત-ગમત સિદ્ધિને બિરદાવવામાં આવી હતી.

ઉપરોક્ત દરેક કાર્યક્રમોમાં શાળા મંડળ વતી સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, શાળાના ટ્રસ્ટીશ્રીઓ, શાળાના આચાર્યાશ્રી પંકજ રાજગોર, રિદ્ધિબેન રાવલ, સંચાલક રોનક રાવલ, સંજય ટાંક અને સર્વે શિક્ષકો આ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા.

# સત્સંગ સમાચાર વિદેશ

## લંડન યુ.કે. સ્થિત શ્રીસ્વામિનારાયણ મંદિરોમાં યોજાયેલી ‘મોક્ષ’ અને ‘નિજાત્માનં બ્રહ્મરૂપં’ શિબિરો

### વિલ્સડન શ્રીસ્વામિનારાયણ મંદિર ખાતે શિબિર

યુ.કે.ના શ્રીસ્વામિનારાયણ મંદિરો ખાતે દર વર્ષની જેમ ઉત્તમ પરંપરા અને સત્સંગની મર્યાદાને જાળવી રાખીને આ વર્ષે ૨૦૨૬ ની સાલમાં ભુજ મંદિરના વર્તમાન મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની દિવ્ય આજ્ઞા અને આશીર્વાદથી બે ભવ્ય અને પ્રેરણાદાયી શિબિરોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

ભુજ મંદિરના યુવક મંડળના સંચાલક પૂજ્ય સંતો સ્વામી હરિસ્વરૂપદાસજી, સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, સ્વામી કુંજવિહારીદાસજી તથા યુવક મંડળના યુવાનોના સહિયારા પુરુષાર્થથી યોજાયેલી આ બંને શિબિરો પાંચ પાંચ દિવસ સુધી ચાલી હતી. અને તેમાં ૩૦૦-૩૦૦ જેટલા યુવક-યુવતી મુમુક્ષુ હરિભક્તોએ ઉત્સાહભેર હાજરી આપીને સત્સંગનો અલૌકિક લાભ લીધો હતો.






આ શિબિરો પૈકી લંડન સ્થિત વિલ્સડન શ્રીસ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયેલી તા.૧૫/૮/૨૦૨૬ પાંચ દિવસીય “મોક્ષ” શિબિરમાં પૂજ્ય સંતો અને યુવક મંડળ દ્વારા જીવનમાં સાચા ધર્મનું પાલન કેવી રીતે કરવું અને સંસારની માયામાંથી મુક્ત થઈને ભક્તિમાં કેવી રીતે જોડાવું તેની સચોટ અને ગહન સમજણ આપવામાં આવી હતી. તેમજ આજના ભાગદોડભર્યા યુગમાં મનને સ્થિર કરીને ભગવાનના સ્વરૂપમાં કેવી રીતે જોડવું તે વિષયને લઈને ‘મનગંજન’ ગ્રંથના માધ્યમથી વ્યવહારુ અને સુચારું માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. સાથે સાથે સત્સંગમાં સંત મહિમા અને હરિભક્ત મહિમા પર વિગતવાર ચર્ચા કરીને સત્સંગીઓમાં દાસભાવ અને મહિમા દઢ કરાવવામાં આવ્યો હતો. તથા ગઢડા અંત્ય પ્રકરણનું ૧૫મું વચનામૃત જે પાટો ગોઠ્યાનું વચનામૃત તરીકે પ્રસિદ્ધ



છે. તેનો ઊંડાણપૂર્વક પ્રકાશ પાડીને તેનો આધ્યાત્મિક ગૂઢ મર્મ શ્રોતાઓને અત્યંત સરળ ભાષામાં સમજાવવામાં આવ્યો હતો.

આ શિબિર દરમિયાન દરરોજ સાંજે સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત ‘કલ્યાણ નિર્ણય’ ગ્રંથની દિવ્ય કથાવાર્તાનો લાભ સંતોના મુખારવિંદેથી તમામ હરિભક્તોને ભાવપૂર્વક પ્રાપ્ત થયો હતો. અને શિબિરના અંતે સંતોએ તમામ ભક્તોને આ આખા વર્ષ દરમિયાન ‘કલ્યાણ નિર્ણય’ ગ્રંથનું નિરંતર વાંચન કરવાની પ્રેરણાદાયી આજ્ઞા કરી હતી. જેમાં વિલ્સડન મંદિરના યુવાનો અને યુવતી બહેનોએ સાથે મળીને શિબિરના સંચાલનમાં સુંદર સેવા આપીને સમગ્ર આયોજનને સફળ બનાવ્યું હતું. જે શિબિર તમામ ભક્તો માટે આત્માના કલ્યાણ અને અક્ષરધામના સુખની પ્રાપ્તિ માટે અત્યંત પ્રેરણાદાયી સાબિત થઈ હતી.





## કેન્ટન-હેરો શ્રી.ક.સ.સ્વામિનારાયણ મંદિર ખાતે શિબિર

બીજી તરફ કેન્ટન-હેરો શ્રી.ક.સ.સ્વામિનારાયણ મંદિર ખાતે દર વર્ષની પરંપરા મુજબ તા.૧૯/૮/૨૦૨૬ પાંચ દિવસ સુધી ‘નિજાત્માનં બ્રહ્મરૂપં’ શીર્ષક હેઠળ એક અત્યંત પ્રેરણાદાયી શિબિરનું આયોજન થયું હતું. જેમાં ભુજ મંદિરથી ખાસ પધારેલ સંતો તથા સ્થાનિક યુવાન ભક્તો સાથે મળીને આધ્યાત્મિકતાની હેલી ચલાવી હતી. અને આ





શિબિર દરમિયાન આધુનિક ટેકનોલોજી તથા પ્રેઝન્ટેશનના માધ્યમથી ગહન આધ્યાત્મિક વિષયોને અત્યંત સરળ રીતે રજૂ કરીને સાધકના મનમાં ઉઠતાં મૂળભુત પ્રશ્નો જેવા કે, “હું કોણ છું?” “હું આ દુનિયામાં શા માટે આવ્યો છું ?” “મારે વાસ્તવિક રીતે શું કરવાનું છે અને અત્યારે હું શું કરી રહ્યો છું ?” “ઈશ્વર પ્રાપ્તિ માટે મારો કેટલો





પુરુષાર્થ કે પ્રયત્ન થઈ રહ્યો છે ?'' તથા ''મને ઈશ્વર પ્રાપ્તિના માર્ગમાં કયા કયા વિઘ્નો નડી રહ્યા છે ?'' જેવા તમામ પ્રશ્નો પર સંતો અને યુવાનો દ્વારા ઊંડાણપૂર્વક ચર્ચા, ચિંતન અને પ્રવચનો રજૂ કરવામાં આવ્યા હતા. આ શિબિરની દિનચર્યા પણ





આધ્યાત્મિક રસથી સભર હતી. જેમાં દરરોજ સવારે વચનામૃતની કથા થતી અને સાંજે નિષ્કુળાનંદ સ્વામી રચિત 'ભક્તચિંતામણી' ગ્રંથ અંતર્ગત પરચા પ્રકરણની કથાનું શ્રવણ કરાવવામાં





આવતું હતું. ઉપરાંત શિબિર દરમિયાન એક અત્યંત વિચાર પ્રેરક અને વાસ્તવિક વિષય પર પણ રાખવામાં આવ્યો હતો. કે, ''મરી તો સર્વને જવું છે, પણ આટલું કામ બાકી છે અને આટલું કરવાનું છે.'' જેના અનુસંધાને જીવનની ક્ષણભંગુરતા અને બાકી રહેલા સાચા કર્તવ્યો અંગે ગંભીર તથા આત્મનિરિક્ષણ કરાવતી ચર્ચા થઈ હતી. જેણે સૌ સત્સંગીઓના હૃદય સ્પર્શી લીધા હતા. તેમજ શિબિરના અંતિમ દિવસે સવારે સવારથી સાંજ સુધી વિશેષરૂપે વડીલ ભક્તો માટેની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડીલ અવસ્થામાં કેવી વિચારધારા રાખવી તથા નિરંતર ભગવાનની સ્મૃતિ કેમ રહે એ આદિક વિચારસરણીના અનુસંધાને વડીલોએ ઉત્સાહભેર ભાગ લઈ જ્ઞાન અને સત્સંગનો લાભ લીધો હતો. આમ ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી અને ભુજ મંદિરના પૂજ્ય સંતો તથા યુવક મંડળના સહિયારા પવિત્ર પ્રયાસોથી લંડનના વિલસ્ડન અને કેન્ટન-હેરો શ્રીસ્વામિનારાયણ મંદિરો ખાતે યોજાયેલી ૨૦૨૬ ની આ બંને પાંચ દિવસીય શિબિરોએ ૩૦૦-૩૦૦ થી વધુ હરિભક્તો, યુવાનો અને





વડીલોના જીવનમાં આધ્યામિક ઉન્નતિ, સેવાભાવ, ઉત્સાહ, પ્રભુભક્તિ અને આત્મચિંતનની એક નવી જ્યોત પ્રગટાવી હતી.

આજ શૃંખલાના ભાગરૂપે લંડન સ્થિત શ્રીસ્વામિનારાયણ મંદિર સ્ટેનમોર ખાતે પણ ચાર દિવસની એક સુંદર અને વિશિષ્ટ બાળ-શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ જેટલાં બાળકોએ આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન પ્રાપ્ત કર્યું હતું.

## વેસ્ટ આફ્રિકાના ગાંબીયામાં ભુજ મંદિર દ્વારા મંદિરનું નવનિર્માણ કરવામાં આવી રહ્યું છે.

ગાંબિયા ખાતે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ નિમિત્તે જન્માષ્ટમી તથા હિંડોળા ઉત્સવ ભક્તિભાવ અને આનંદપૂર્વક ઉજવવામાં આવ્યા હતા.

સેનેગલ મંદિરમાં હિંડોળા ઉત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. આ પ્રસંગે નવા નવા હિંડોળા તૈયાર, કરી ભગવાનને બિરાજમાન કરી ઝુલાવવામાં આવ્યા હતા. ઉપસ્થિત હરિભક્તો તથા પરિવારજનોએ હિંડોળાના દર્શન કરી ભગવાનને ઝુલાવ્યા હતા.



જન્માષ્ટમીના પાવન પર્વે ભગવાન શ્રીકૃષ્ણ જન્મોત્સવની કથા સાથે જન્મોત્સવ પણ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

વિદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મની પરંપરાઓને જીવંત રાખવાના ભાવ સાથે સૌ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



આ શહેરમાં પણ ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી નૂતન મંદિરનું નિર્માણ કાર્ય થઈ રહ્યું છે. સૌ ભક્તો પરસ્પર મળીને નાના-મોટા ઉત્સવો સંપીને કરી રહ્યા છે.

અંતે ભગવાનની આરતી કરવામાં આવી અને સૌને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ આનંદ, ભક્તિ અને એકતાના વાતાવરણમાં સંપન્ન થયો હતો. અ - લખુભાઈ

## ભુજ મંદિર દ્વારા અમેરિકા અને કેનેડા દેશમાં વસતા કચ્છના સત્સંગની જાળવણી માટે મંદિરોની સ્થાપના કરાશે.

ભગવાન શ્રીસ્વામિનારાયણના દિવ્ય સંકલ્પ અને શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ-કચ્છના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી વિદેશમાં વસતા હરિભક્તોને સત્સંગનો લાભ આપવા સંત મંડળ અમેરિકા તથા કેનેડાના વિચરણ અર્થે પધાર્યું હતું.

આ સંત મંડળમાં ભુજ મંદિરના ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી, શાસ્ત્રી સ્વામી રાઘવમુનિદાસજી, સ્વામી વિવેકસાગરદાસજી તથા

શાસ્ત્રી સ્વામી ધ્યાનસ્વરૂપદાસજીની ઉપસ્થિતિ રહી હતી.

તા.૨૭/૭/૨૦૨૬ ના રોજ ભુજથી પ્રસ્થાન કરી તા.૨/૮/૨૦૨૬ ના રોજ સંતો મિનીયાપોલિસ પહોંચ્યા હતા. ત્યાં એક અઠવાડિયા દરમિનાયન સત્સંગ સભાઓ, મહાપૂજા, અન્નકૂટ, નિત્યપૂજા, માર્ગદર્શન, પ્રશ્નોત્તરી, રાસોત્સવ તથા હરિભક્તોના ઘરે પધરામણી યોજાઈ હતી.

ભુજ મંદિર દ્વારા અમેરિકામાં તાજેતરમાં ખરીદવામાં આવેલા નવા સ્થાનની મુલાકાત લઈ ત્યાં નિયમિત સત્સંગ સભાઓનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો અને નૂતન મંદિર નિર્માણાર્થે ભૂમિપૂજનની વિધિ સંપન્ન થઈ હતી.







મિનીયાપોલિસ બાદ સંતોએ સિયેટલ, એટલાન્ટા, ટામ્પા, લેકલેન્ડ, ઓર્લાન્ડો, મિયામી, શિકાગો, બોસ્ટન, ન્યુજર્સી અને ન્યુયોર્ક સહિત અમેરિકાના વિવિધ શહેરોમાં વિચરણ કરી હરિભક્તોને સત્સંગનો લાભ આપ્યો હતો.

તા.૨૧/૮/૨૦૨૬ થી તા.૩૧/૮/૨૦૨૬ સુધી ટોરોન્ટો ખાતે સંતોનું રોકાણ રહ્યું હતું. અહીં હરિભક્તોના ઘરે પધરામણી, નિત્ય સભાઓ, મહાપૂજા અને રાસોત્સવ યોજાયા હતા. ઓટાવા, ગલ્ફ વિગેરે દૂરસ્થ વિસ્તારોમાં વસતા હરિભક્તોને પણ સંતોએ પધરામણીનો લાભ આપ્યો હતો.









તા.૩૧/૮/૨૦૨૬ ના રોજ સંતો વિનિપેગ પધાર્યા હતા ત્યાં નિત્ય સભાઓ, પધરામણી અને મહાપૂજા

ઉપરાંત સંતો અને હરિભક્તો દ્વારા ત્રિ-દિવસીય 'મહિમા' શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં વિનિપેગ ઉપરાંત ટોરોન્ટો, મિનીયાપોલિસ અને શિકાગોથી પણ હરિભક્તો ઉપસ્થિત રહી લાભ લીધો હતો. આ રોકાણ દરમિયાન શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો ઉત્સવ સભા અને રાસોત્સવ સાથે હર્ષોઉલ્લાસપૂર્વક ઉજવાયો હતો.

કેનેડા અને અમેરિકાના સત્સંગ કાર્યક્રમોની પૂર્ણાહુતિ બાદ સંતોએ તા.૯/૯/૨૦૨૬ ના રોડ ભારત તરફ પ્રયાણ કર્યું હતું.

આ રીતે સમગ્ર વિદેશ વિચરણ દરમિયાન અમેરિકા તથા કેનેડામાં વસતા હરિભક્તોને સંત સમાગમ, સત્સંગ અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોનો લાભ પ્રાપ્ત થયો હતો.

## શ્રીસ્વામિનારાયણ મંદિર-ભુજ મેલબોર્ન ખાતે ભવ્ય શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ

શ્રીસ્વામિનારાયણ મંદિર-ભુજ મેલબોર્ન ખાતે ભવ્ય શ્રીકૃષ્ણનો પાવન જન્માષ્ટમી મહોત્સવ અત્યંત ભક્તિભાવ, આનંદ, ઉત્સાહ અને ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો. આ પવિત્ર પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તો, વડીલો, યુવક-યુવતીઓ તથા બાળકો સહિત સપરિવાર ઉપસ્થિત રહી ભગવાનના જન્મોત્સવનો દિવ્ય લાભ લીધો હતો.

જન્માષ્ટમીના પાવન અવસરે મંદિરને સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. ભગવાનને વિશેષ શણગાર કરવામાં આવ્યા અને વિવિધ પ્રકારની વાનગીઓ તથા મીઠાઈઓથી સુશોભિત ભવ્ય અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો હતો. સુંદર શણગાર, ફૂલોથી સજાવેલો હિંડોળો અને બાલકૃષ્ણનું મનમોહક સ્વરૂપ સૌ હરિભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

ઉત્સવ દરમિયાન બાલકૃષ્ણને સુંદર રીતે શણગારેલી ટોપલીઓમાં પધરાવી ઢોલ-નગારાંના નાદ સાથે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. પરંપરાગત વશભૂષામાં સજ્જ બાળકો અને યુવાનો તથા ઢોલના નાદે સમગ્ર વાતાવરણને કૃષ્ણમય બનાવી દીધું હતું. ભગવાનના જયઘોષ અને ભક્તોના ઉત્સાહથી મંદિર પરિસરમાં જાણે ગોકુળનો આનંદ છવાઈ ગયો હોય તેવી અનુભુતિ થઈ હતી.





જન્માષ્ટમીની પાવ રાત્રીએ મોટી સંખ્યામાં હરિભક્તો હાથમાં દીપ પ્રગટાવી દિવ્ય આરતીનો લાભ લીધો હતો. સેંકડો દીપોના પ્રકાશ વચ્ચે ભગવાનની આરતી અને ભક્તિમય કીર્તનોથી સમગ્ર મંદિરનું વાતાવરણ દિવ્યતા અને ભક્તિભાવથી છલકાઈ ઉઠ્યું હતું. સૌ હરિભક્તોએ શ્રદ્ધાપૂર્વક ભગવાનના દર્શન કરી શ્રીકૃષ્ણ જન્મોત્સવનો આનંદ માણ્યો હતો. ઉત્સવનું વિશેષ આકર્ષણ મટકીફોડ રહ્યું હતું. બાળકો અને યુવાનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક તેમાં ભાગ લીધો હતો. એકબીજાના સહકારથી માનવ પિરામીડ બનાવી ઊંચે બાંધેલી મટકી સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવ્યો અને અંતે મટકીફોડનાં સમગ્ર વાતાવરણ આનંદ અને જયઘોષથી ગુંજી ઊઠ્યું. આ પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણની ગોકુળની બાળલીલાઓનું સુંદર સ્મરણ થયું અને ઉપસ્થિત સૌ હરિભક્તોએ તેનો આનંદ માણ્યો હતો.

આ સમગ્ર મહોત્સવમાં બાળકો, યુવાનો, મહિલાઓ અને વડીલોની ઉત્સાહભરી ભાગીદારી વિશેષ નોંધપાત્ર રહી. મંદિરના સેવાભાવી હરિભક્તોએ આયોજન, શણગાર, અન્નકૂટ, આરતી, શોભાયાત્રા તથા અન્ય સેવાઓમાં સુંદર સહયોગ આપી સમગ્ર મહોત્સવને સફળ બનાવ્યો હતો.

ભારતથી હજારો કિલોમીટર દૂર મેલબોર્નની ધરતી પર પણ શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ-મેલબોર્ન દ્વારા આવા ધાર્મિક ઉત્સવોના માધ્યમથી ભગવાન પ્રત્યેની ભક્તિ, ભારતીય સંસ્કૃતિ, સનાતન પરંપરા અને આપણા સંસ્કારોને જીવંત રાખવામાં આવી રહ્યા છે. ખાસ કરીને નવી પેઢીના બાળકો અને યુવાનોને પોતાની સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરા સાથે જોડવાનો આ સુંદર પ્રયાસ સૌ માટે પ્રેરણાદાયી રહ્યો હતો.

આમ ભક્તિ, સેવા, સંસ્કૃતિ, એકતા અને આનંદના સુંદર સમન્વય સાથે ઉજવાયેલ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી મહોત્સવ મેલબોર્ન સત્સંગ સમાજ માટે એક યાદગાર અને અવિસ્મરણીય પ્રસંગ બની રહ્યો.

## પર્થ ઓસ્ટ્રેલિયા શ્રીસ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયેલા વિવિધ ભક્તિમય ઉત્સવો

પર્થ મંદિર ખાતે તાજેતરમાં વિવિધ ધાર્મિક ઉત્સવો, કથા-પારાયણ અને રાષ્ટ્રીય પર્વની ખૂબ જ ભાવઉલ્લાસ અને આધ્યાત્મિક વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. ભુજ મંદિરના પૂજ્ય સંતો સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, સ્વામી રામકૃષ્ણદાસજી, સ્વામી પતિતપાવનદાસજી, સ્વામી આનંદપ્રિયદાસજી આદિ સંતોના પાવન સાંનિધ્યમાં યોજાયેલ આ ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ ઉપસ્થિત રહી ભક્તિ, સેવા અને સત્સંગનો દિવ્ય લાભ લીધો હતો.

જુલાઇ માસમાં પર્થ મંદિર ખાતે ભગવાન શ્રીજગન્નાથજીની પવિત્ર રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. અસંખ્ય હરિભક્તોએ શ્રદ્ધા અને



આનંદ-ઉલ્લાસ સાથે ભગવાનનાં દિવ્ય દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

૨૫ મી જુલાઇથી પવિત્ર ચાતુર્માસનો પ્રારંભ થતાં શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં આપેલી આજ્ઞા મુજબ હરિભક્તોએ વિશેષ નિયમ-ધર્મ ગ્રહણ કરી ભક્તિમાં વૃદ્ધિ કરવાનો સંકલ્પ કર્યો હતો.

ચાતુર્માસ દરમિયાન પરંપરાગત હિંડોળા ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો. હરિભક્તોએ પ્રેમપૂર્વક વિવિધ સુંદર અને કલાત્મક હિંડોળાઓ તૈયાર કરી તેમાં ભગવાનને બિરાજમાન કરી ઝુલાવ્યા હતા.

૭૮ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી૧૫ મી



ઓગષ્ટના રોજ પર્થ મંદિર ખાતે ભારતનો સ્વતંત્રતા દિવસ દેશભક્તિ અને ગૌરવ સાથે ઉજવવામાં આવ્યો હતો. ઉપસ્થિત સૌ હરિભક્તોએ ભારતમાતા તેમજ દેશ માટે બલિદાન આપનાર વીર સ્વતંત્રતા સેનાનીઓનું ભાવપૂર્વક સ્મરણ કર્યું હતું.

આ સમયગાળા દરમિયાન રાપર મંડળમાં સેવા આપતા ભુજ મંદિરના પૂજ્ય સંતોનું પર્થ ખાતે આગમન થયું હતું. પૂજ્ય સંતોના સાંનિધ્યમાં નીચે મુજબના કાર્યક્રમો યોજાયા હતા.

યમદંડ પંચાહ્ન પારાયણ :- પૂજ્ય સંતોના મુખારવિંદથી યમદંડ પંચાહ્ન પારાયણનું આયોજન થયું હતું. જેમાં વિશ્રામભાઇ ગોપાલ, ધનજીભાઇ પિંડોરીયા, ધનજીભાઇ ભુડિયા અને પરબતભાઇ પિંડોરીયા સપરિવાર યજમાનપદે રહ્યા હતા.





યુવા અને કિશોર પારાયણનું આયોજન સંતો દ્વારા યુવક-યુવતીઓ માટે વર્તમાન જીવનને અનુરૂપ સત્સંગ, નિયમ, ધર્મ, સંસ્કાર અને આધ્યાત્મિક જીવન અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ યમદંડ પારાયણ દરમિયાન જ ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. હરિભક્તોએ ભજન-કીર્તન અને મંગલ હરિભક્તોએ ભજન-કીર્તન અને મંગલ દર્શનનો આનંદ લીધો હતો.

મંદિરની વર્ષો જૂની પરંપરા મુજબ આ વર્ષે પણ સમૂહ શ્રીમદ્‌ભાગવત કથા-પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ થી વધુ યજમાન પરિવારોએ જોડાઈને કથા શ્રવણ અને સેવાનો લાભ લીધો હતો.

ભાગવત સપ્તાહ દરમિયાન શ્રીગણેશ ચતુર્થી નિમિત્તે મંગલ શોભાયાત્રા સાથે ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. ત્રણ દિવસ સુધી પૂજન-અર્ચન અને દર્શન બાદ ભાવપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું.

આમ વિવિધ પવિત્ર પર્વો, કથા-પારાયણો, રાષ્ટ્રીય ઉત્સવ અને પૂજ્ય સંતોના પાવન સાંનિધ્યથી આ સમગ્ર સમયગાળો પર્થ સત્સંગી હરિભક્તો માટે ભક્તિ, સેવા અને દિવ્ય આનંદસભર રહ્યો હતો.

અ - અધ્યક્ષ-પ્રવિણભાઈ કેરાઈ, મંત્રી-દિનકરભાઈ આશાણી

## શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સિડની સંગઠન પર્વ ઉત્સવ તા.૪ થી તા.૧૨ જુલાઇ ૨૦૨૬ ધામધૂમથી ઉજવાયો

"અગણિત વિશ્વની ઉત્પતિ, પાલન,
પ્રલય થાય....મારી મરજી વિના રે કોઈથી તરણું નવ
તોડાય...."

આ પંક્તિઓ માત્ર શબ્દો નથી. આ ઉત્સવ મહારાજની પ્રગટ શક્તિનો અનુભવ અને જીવંત સાક્ષી હતો અને છે.

સામાન્ય રીતે લોકો કહે છે કે, સિડની મંદિરને ૨૫ વર્ષ થયા પરંતુ અમારી કહાની તો ૨૦૦૦ થી શરૂ થાય છે. જ્યારે મોટા મહારાજશ્રી અને વડીલ સંતોના આશીર્વાદથી થોડા ભક્તો સિડનીને ઘર માની ભજન-ભક્તિનો દીવો પ્રગટાવવા આવ્યા હતા. ભજન-ભક્તિની શરૂઆત પ્રથમ ઘરમાંથી થઈ, પછી ભક્તોનો સમુદાય વધવા લાગ્યો, ઘરમાં સંકડાસ થતાં ભજન-ભક્તિ-ઉત્સવ કોમ્યુનિટી હોલમાં થવા લાગ્યા. અંતે તા.૨૬ જૂન ૨૦૨૬ ના રોજ સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી અને તત્કાલિન ઉપમહંત અને હાલના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી "શ્રીસ્વામિનારાયણ મંદિર સિડની ઈન્ક"ની સ્થાપના થઈ.

આજે અહીં ૧૦૦૦ થી વધુ સત્સંગીઓ ને એમાં ૨૫૦ થી વધુ બાળકો ગુજરાતી, ધાર્મિક અને બાલસભામાં આવે છે. અને સત્સંગ ફાલીફૂલી રહ્યો છે.

૯ દિવસના આ ઉત્સવમાં પધારેલા પૂજ્ય સંતો સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, સ્વામી રામકૃષ્ણદાસજી, સ્વામી પતિતપાવનદાસજી, સ્વામી આનંદપ્રિયદાસજી, સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી, સ્વામી ઉત્તમપ્રિયદાસજી, સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી. આ સંતોના સાંનિધ્યમાં દરરોજ સવારે શિક્ષાપત્રી શ્લોક, વચનામૃત અને સાંજે સત્સંગિજીવનની પારાયણ સ્વામી રામકૃષ્ણદાસજી દ્વારા થતી હતી. અને દરરોજ રાત્રે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાતા હતા. દેશ-વિદેશથી ઘણા હરિભક્તો આ ઉત્સવનો લ્હાવો લેવા પધાર્યા હતા.

આ સમયે સર્વ પ્રથમ સ્ત્રી ભકતોનો પ્રેમ દર્શાવતી નીલકંઠ પાઈપ બેન્ડની શરૂઆત થઈ હતી, આનું ભવ્ય પ્રદર્શન, પોથીયાત્રા, રથયાત્રા તથા મંદિરમાં જોવા મળ્યું હતું.

આ માત્ર પ્રોગ્રામ નહોતો, એક વરસની અથાગ મહેનત અને મહારાજને રાજી કરતું ભવ્ય સંગઠનનો ગૌરવ હતો. પ્રથમ વખત નીલકંઠ કોમ્યુનિટી સેન્ટરમાં બાળકોની વિશેષ બાલસભા સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજીના માર્ગદર્શન હેઠળ થઈ હતી. બાળકો પ્રશ્ન-ઉત્તર કરતા, રમત રમતા અને તે ઉપરાંત આ સામાજિક કે સત્સંગનો મહત્ત્વ સમજતા હતા. અને આ દરમિયાન મહારાસોત્સવ યોજાયો હતો, જેમાં બાળકો પોતે જ કીર્તન ગાતા, વાજિંત્રો વગાડતા હતા અને શ્રીહરિને રાજી કરતા હતા.

ઉત્સવનો પ્રારંભ

પોથીયાત્રા :- સાંજે પોથીયાત્રાનો આરંભ થયો ત્યારે આગળ યુવાનો ભજન મંડળી એમની પાછળ સંતો, વાઘાના તથા પોથીના યજમાનશ્રીઓ ચાલતા હતા. ત્યારપછી રાધાકૃષ્ણરૂપે ૧૦૦ થી વધુ બાળકો લેઝીમ મહારાજને રાજી કરતો અદ્‌ભુત નજારો હતો. સિડનીની ૪૦ બહેનો દ્વારા નીલકંઠ પાઈપ બેન્ડની સલામી ‘‘વાજતે ગાજતે પ્રેમથી શ્રીહરિજીને લાવ્યા.’’

રવિવારે સાંજે કથા પ્રસંગે ધામધૂમથી લાડીલા શ્રીઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ ઉજવાયો હતો.

સોમવારની સાંજે કથા બાદ લેડીઝ કલ્ચરલ પ્રોગ્રામ થયો હતો. જેમાં દશ અવતાર, રામાયણ, રાધાકૃષ્ણ, તુલસી-વિષ્ણુ સંગમ, બહેનોના નૃત્ય દ્વારા ભક્તિનો અદ્‌ભુત પ્રવાહ વહેતો હતો.

મંગળવારે સાંજે કથા બાદ યાત્રા કેવી રીતે એકથી અનેક થઈ. આગામી પડકારો શું હશે અને સંગઠનને કેવી રીતે મજબૂત કરવું, આ બધું સ્વામી પતિતપાવનદાસજી અને ભક્તો દ્વારા સમજાવવામાં આવ્યું હતું.

બુધવારે કથા બાદ સ્વામી પતિતપાવનદાસજી દ્વારા મ્યુઝિકની મોજ, કીર્તન સાથે બિંગો રમવામાં આવ્યો હતો. બાળકથી લઈને વડીલ સુધી બધા જોડાયા હતા. કીર્તન સાથે બિંગો આનંદનો અદ્‌ભુત મેળ.

ગુરુવારે રાત્રે મહારાસોત્સવ પણ થયો હતો. અને એજ સમયે સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી અને સ્વામી ધ્યાનસ્વરૂપદાસજી સિડની આવી ગયા હતા એટલે ભક્તો બહુ ભાવવિભોર બન્યા હતા.

શુક્રવારે સાંજે કથા બાદ મહારાજના સખા સુરાબાપુ નાટિકા, ભક્તિ, પ્રેમ અને મહારાજની નજીકતા દર્શાવતી નાટિકનું પ્રદર્શન પુરુષ ભક્તો દ્વારા થયું હતું.

શનિવારે યોગિની એકાદશીના શુભ દિવસે સવારે શ્રીહરિકૃષ્ણમહારાજનો કેસરજળથી અભિષેક થયો હતો. અને સૂકામેવાનો અન્નકૂટ ગોઠવાયો હતો. રાત્રે કથાના છેલ્લા સત્ર બાદ નીલકંઠ પાઈપ બેન્ડનું અદ્‌ભુત પ્રદર્શન પુરુષ ભક્તોએ રજૂ કર્યું હતું. ત્યારબાદ સ્વામી ધ્યાનસ્વરૂપદાસજીના નેતૃત્ત્વમાં જાગરણના કીર્તન અને ધૂન દ્વારા પ્રગટભાવની ઝાંખી થઈ હતી.

છેલ્લે દિવસે જગન્નાથ ભગવાનની ભવ્ય રથયાત્રા કાઢવામાં આવી હતી. ભક્તોએ સુંદર રથ બનાવ્યો હતો. આગળ પુરુષોની ભજન મંડળી, બાળકોની લેઝીમ, બાળકોનો બેન્ડ, પછી સંતો, પુરુષ ભક્તો પછી રથ જેમા પુરુષોત્તમનારાયણ બેઠાં બેઠાં દર્શન આપતા હતા, અને પાછળથી સ્ત્રી ભક્તોની લેઝીમ, બેન્ડ, દાંડીયા રમતા હતા. આ દિવસે પ્રથમ પુરુષોએ રથ ખેંચ્યો, પછી સ્ત્રીભક્તોએ રથ ખેંચી મહારાજને ખૂબ લાડ લડાવ્યા હતા.

આ એક ઉત્સવ નહોતો પણ મહારાજનો શાશ્વત ચમત્કાર, સંતોની કૃપા, ભક્તોની મહેનત, (પાર્કિંગ ટીમ, કિચન ટીમ, ક્લીનીંગ ટીમ, મેનેજમેન્ટ, બાળકો, બહેનો, ભાઈઓ બધાના સાથ-સહકારથી ભક્તિપૂર્વક સેવા કરી ઉજવાયો હતો. અંતે ફરી મહારાજના કીર્તનની કડી કે ‘‘મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય.’’ આ ઉત્સવ એ પંક્તિનો જીવંત સાક્ષી ઉદ્દેશ હતો. ઉપરાંત સંતોની દયા ને આશીર્વાદ તથા ભક્તોની સંગઠનની ગાથા દર્શાવતું અમારું સંગઠન પર્વનો ઉત્સવ હતો.

અ - નિતિન હિરાણી (વાઈસ પ્રેસીડેન્ટ એન્ડ ડાયરેક્ટર)

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૨૫૧- નરેશભાઈ હરમાનભાઈ બ્રહ્મભટ્ટ, અ.નિ.અ.સૌ.જયાબેનની પ્રથમ માસિક પુણ્યતિથી નિમિત્તે હસ્તે- નરેશભાઈ - અમદાવાદ

૨૫૦- માલવ અને માનવ મેહુલ જયંતીભાઈ આહિર નવી ફોરચ્યુનર ગાડી લીધી તે નિમિત્તે - માધાપર

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ || || શ્રી નરનારાયણાય નમઃ ||

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજિત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ

# જ્ઞાનયજ્ઞ

## નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન




- પોથીયાત્રા : સં. ૨૦૮૩, ફાગણ વદ-૩૦ (અમાસ), મંગળવાર, તા. ૦૬-૦૪-૨૦૨૭
- કથા પ્રારંભ : સં. ૨૦૮૩, ચૈત્ર સુદ-૧, બુધવાર, તા. ૦૭-૦૪-૨૦૨૭
- કથા સમાપ્તિ : સં. ૨૦૮૩, ચૈત્ર સુદ-૭, મંગળવાર, તા. ૧૩-૦૪-૨૦૨૭
- નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૩, ચૈત્ર સુદ-૮, બુધવાર, તા. ૧૪-૦૪-૨૦૨૭

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી **તા. ૦૭-૦૪-૨૦૨૭ થી તા. ૧૩-૦૪-૨૦૨૭** સુધી **સમૂહ શ્રીમદ્ ભાગવત સાપ્તાહ જ્ઞાનયજ્ઞ** નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

### એક પોથીના રૂ. ૩૧,૦૦૦/-

- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
- ૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છાપાશે.
- નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.
- ૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦-૧૦ પાસ આપવામાં આવશે.
- સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.
- જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮×૧૨ સાઈઝ) તથા સુખડનો હાર લાવી શકાશે.
- સાથે ડીશ, કલશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ**

**શ્રી સ્વામિનારાયણ મંદિર**
**શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ.**

**ફોન નં. : ૭૫૬૭૬ ૦૮૦૦૦**



RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2026/UPTO 31-12-2026











શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ સિડની સંગઠન પર્વ
ઉત્સવ તા. ૪ થી તા.૧૨ જુલાઇ ૨૦૨૬ ધામધૂમથી ઉજવાયો